Guj

# પ્રેસ નોટ

## પક્ષીઓમાં જોવા મળતો રોગ બર્ડફલુ( એવિયન ) ઈનફલુએન્ઝા )

ભારત બર્ડફલુનાં રોગચાળાથી મધ્ય ફેબ્રુઆરી-૨૦૦૬ સુધી મુકત હતો. એવીયન ઈન્ફલુએન્ઝાનો વાઈરસ સદીઓ સુધી ફેલાતો રહેલો પણ છેલ્લી સદીમાં ચાર કન્ફર્મ્ડ રોગચાળા નોંધાયલા. રોગચાળોનો વૈશ્વિક ભય અને માણસોમાં રોગચાળા નાં ભયે આંતરરાષ્ટ્રિય સંસ્થાઓ જેવી કે WHO અને OIE એ ખતરાની ઘંટડી વગાડી છે, આમ રોગચાળાનાં સંજોગો માં તેને કંટ્રોલ કરવા માટેની પુરતી તૈયારી રાખવી જ જોઇએ.

ભારતમાં રોગચાળાને નિયંત્રિત કરવા માટે એકશન પ્લાનમાં, બેકયાર્ડ પક્ષીઓના હેડલીગ અંગે માર્ગદર્શક સુચનાઓ સમય સમયે બહાર પાડે છે, તેમજ રોગચાળા વખતે ખાસ બહાર પાડે છે.

ભારત સરકારની રોગ નિયંત્રણ માટેની નિતી રોગ ને મુળમાંથી જ ડામી દેવાની એટલે કે શરૂઆત ના તબકકે થી અને પક્ષીના કે પશુના લેવલે રોગ નિયત્રણ કરવાની રહી છે. આ રીતે આપણે રોગ ને પશુમાંથી મનુષ્યમાં ફેલાતો અટકાવી શકીએ.

આ સિવાય સક્રિય અને પરિણામલક્ષી સર્વેક્ષણ પશુપાલન વિભાગ તેમજ અન્ય સરકારી વિભાગ જેમ કે જીલ્લા પંચાતય, મ્યુનીસીપાલિટી, ફોરેસ્ટ વિભાગ દ્વારા પણ ચાલુ કરવામાં આવ્યું છે. જેમાં મરઘા, યાયાવર પક્ષીઓ કે જંગલી પક્ષીઓની આસપાસમાં સર્વેક્ષણ તેમજ આસામન્ય બિમારી કે મૃત પક્ષીઓનાં કિસ્સામાં તાત્કાલિક સ્થળ પર જવાનો સમાવેશ થાય છે.

આમ, દમણ જીલ્લાની જનતાને જણાવવામાં આવે છે કે પક્ષીઓ જેવા કે મરઘા તેમજ કાગડાઓમાં કોઇ અસામાન્ય બિમારી કે વિશેષ મરણ પ્રમાણ જોવા મળે તો ઉપરોકત દર્શાવેલ વિભાગ અથવા પશુપાલન વિભાગ દમણ નો સંપર્ક કરવા માટે જણાવવામાં આવે છે.

એમ. બી. સાપરા

(ડૉ. એમ. બી. સાપરા)
વેટેનરી ઓફિસર,
દમણ.